સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી
સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯
E-mail: aspd-gcsess@gujarat.gov.in
Website: www.ssagujarat.org

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લાઃતમામ

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા, જિલ્લા: તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, મહાનગરપાલિકાઃતમામ

વિષય : સરકારી શાળાઓમાં સેનેટરી પેડ આપવા બાબત
સંદર્ભ : માન.એસ.પી.ડી.શ્રી નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૬-૨૭ માં રાજયની તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓની ધોરણ-૬ થી ૮ ની દિકરીઓ તથા તમામ સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ધોરણ- ૯ થી ૧૨ ની દિકરીઓ માટે **"સેનેટરી નેપકીનની સુવિધા પૂરી પાડવાની યોજના"** અંતર્ગત GOG:EDN-10 હેડ અન્વયે દિકરીદીઠ માસિક રૂ.30/- લેખે એમ ૧૨ માસ માટે કુલ રૂ.360/-લેખે ખર્ચ કરવાનો રહેશે જે અન્વયે શાળા કક્ષાએ નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.

1. શાળા કક્ષાએથી **પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રમાંથી** ઓક્સો-બાયોડિગ્રેડેબલ અને ગુણવત્તાયુક્ત સેનિટરી નેપકિન્સ ઉપલબ્ધ કરાવવા.
2. ખરીદી કરી દરેક દિકરીને દર માસની પહેલી તારીખે સેનીટરી નેપકીન પુરા પાડવાના રહેશે.
3. શાળા કક્ષાએ દરેક દિકરીને દર મહિને જેટલા જોઈએ તે પ્રમાણે એકસાથે સેનેટરી નેપકીન આપવા તેમજ દિકરીને ઈમરજન્સીમાં પણ સેનેટરી નેપકીન મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા આચાર્યશ્રી ધ્વારા કરવાની રહેશે.
4. સેનેટરી નેપકીનના ઉપયોગ બાદ દિકરીઓ ધ્વારા પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે જયાં ત્યાં ન ફેંકતા તેનો સુરક્ષિત નિકાલ થાય તે શાળાએ ખાસ સુનિશ્ચિત કરવાનું રહેશે.
5. દીકરીઓ કોઈપણ સમયે પોતાની મેળે કોઈને પૂછયા વગર લઈ શકે તે રીતે પેડના સંગ્રહ માટે શિક્ષકોના રૂમમાં અથવા ગર્લ્સ સેનિટેશન બ્લોકની નજીક એક કબાટની વ્યવસ્થા કરવાની રહેશે.
6. દરેક શાળામાં મહિલા નોડલ શિક્ષક નિયુક્ત કરવાના રહેશે. જો શાળામાં મહિલા શિક્ષક ના હોય તો એસએમસી/એસએમડીસીના મહિલા સભ્યને નિયુક્ત કરવાના રહેશે.
7. માસિક સ્વચ્છતા કોર્નર અંગે પસંદ કરાયેલ મહિલા નોડલ ટીચર ધ્વારા જ સેનેટરી પેડના સ્ટોકની નિયમિતપણે ચકાસણી અને જરૂર મુજબ પૂરક વ્યવસ્થા કરવાની રહેશે.
8. મહિલા નોડલ ટીચર ધ્વારા કન્યાઓને સમયાંતરે કોર્નર વિશે સમજ આપવી અને તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવી
9. શાળામાં જ્યાં ઉંદર નુકશાન કરે, પેડમાં ભેજ લાગે અથવા પાણી પડતું હોય, તડકો આવતો ન હોય તેવી જગ્યાએ પેડનો સંગ્રહ ન કરવો.
10. કન્યાઓના દરેક શૌચાલયમાં ઢાંકણવાળી કચરાપેટી (Covered Waste Bin) તથા પાણીની વ્યવસ્થા ફરજિયાત રીતે ઉપલબ્ધ કરાવવી.
11. કચરાપેટીની નિયમિત સફાઈ અને યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરાવવી.
12. નિકાલ વ્યવસ્થા સંપૂર્ણપણે Solid Waste Management Rules સાથે સુસંગત હોવી જોઈએ. (જેમકે,વપરાયેલ સેનેટરી નેપકીનને કાગળ/રેપરમાં લપેટીને અલગ ડબ્બામાં નાખવું, તેને ભીના-સૂકા કચરાથી અલગ રાખવું, ખુલ્લામાં કે ટોયલેટમાં ન ફેંકવું અને સ્થાનિક કચરા સંગ્રહ વ્યવસ્થાને સોંપવું વગેરે બાબતો Solid Waste Management Rules, 2016 સાથે સુસંગત છે.)
13. જો ઈન્સિનીરેટર (સેનેટરી પેડ બાળવાની ભઠ્ઠી) મશીન હોય તો તે કાર્યરત હોય તે સુનિશ્ચિત કરવું તથા સમયાંતરે તેની સર્વિસ કરાવવી.
14. દિકરીને સેનેટરી નેપકીન આપ્યા બાદ તેના ઉપયોગ બાબતે શાળાના મહિલા નોડલ શિક્ષિકા/આંગણવાડી વર્કર/આશા વર્કર તથા

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.

અન્ય તજજ્ઞની મદદથી " માસિક આરોગ્ય સ્વાસ્થ્ય " સંબધી માર્ગદર્શન પૂરૂ પાડવું.

15. સેનટરી નેપકીનનું વિતરણ રજીસ્ટર નીચેના નમૂના મુજબ નિભાવવાનું રહેશે.

શાળાનું નામ : ..................................

| માસ | ધોરણ | દિકરીનું નામ | સેનેટરી નેપકીનની સંખ્યા/પેકેટની સંખ્યા | દિકરીની સહી |
|---|---|---|---|---|
| | | | | |

સદર કામગીરીનું મોનિટરીંગ બીઆરસી,સીઆરસી તથા જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે. ઉચ્ચ પ્રાથમિક શાળાઓની કામગીરી મદદનીશ જિલ્લા કો.ઓ.-ગર્લ્સ એજ્યુકેશન ધ્વારા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની કામગીરી પ્રોજેક્ટ કો.ઓ.- સેકન્ડરી એજયુકેશન ધ્વારા કરવાની રહેશે. સદર ખર્ચ હિસાબી શાખામાંથી ફાળવવામાં આવનાર ગ્રાન્ટ અન્વયે "સેનેટરી નેપકીનની સુવિધા પૂરી પાડવાની યોજના" અંતર્ગત GOG:EDN-10 હેડ હેઠળ કરવાનો રહેશે તથા સદર હેડ અન્વયે થયેલ ખર્ચના UTC શાળા કક્ષાએથી જિલ્લા કક્ષાએ મંગાવવા તથા જિલ્લા કક્ષાએ મંગાવેલ ખર્ચના UTC અત્રેથી મંગાવવામાં આવે ત્યારે ઉપલબ્ધ કરાવવાના રહેશે.

(ડૉ. એમ.એમ.પટેલ)
એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી ગાંધીનગર

સવિનય નકલ રવાના :

- પી. એ. ટુ માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- નાણાં નિયંત્રકશ્રી, સદર કચેરી.
- એમ.આઈ.એસ શાખા, સદર કચેરી (વેબસાઈટ પર મૂકવા માટે)

નકલ રવાના કાર્યવાહી કરવા સારૂ:

- મદદનીશ જિલ્લા કો.ઓ.-ગર્લ્સ એજ્યુકેશન તમામ
- પ્રોજેક્ટ કો.ઓ.- સેકન્ડરી એજયુકેશન - જિલ્લાઃ તમામ

જા. નં. મા-૨/2026/10487
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન, બી બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા:01 /08 /2026

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત

આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ થવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત

e Not Verified